વિભાગ હસ્તકની યોજનાઓ તેમજ અન્ય તમામ પ્રકારના નાણાકીય વ્યવહારો માટે કરવાનું થતું ચૂકવણું RTGS દ્વારા કરવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ક્રમાંક: પવછ/૨૦૨૦૧૬/૭૨૭/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૬/૦૯/૨૦૧૬

<u>પરિપત્ર</u>:-

વિભાગ હસ્તકની ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો, આશ્રમશાળાઓમાં જે તે જિલ્લાઓમાં નિભાવ ગ્રાન્ટની રકમ સંબંધિત સંસ્થાઓને ટ્રેઝરી ચેકથી ચૂકવવાની પ્રથા હાલમાં ચાલુ છે તેમજ કમિશનરશ્રી (આ.વિ.) હસ્તકની વ્યક્તિગત સહાયની યોજનાઓમાં જિલ્લા કક્ષાએથી મદદનીશ કમિશનરશ્રી (આ.વિ.) દ્વારા સંબંધિત લાભાર્થીઓને ચેકથી નાણા ચૂકવવામાં આવે છે. વધુમાં આ વિભાગ હસ્તકના ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ દ્વારા ચલાવવામાં આવતી લોન સહાયની યોજનાઓમાં પણ સંબંધિત લાભાર્થીઓને નાણા ચેકથી ચૂકવવાની પધ્ધતિ અમલમાં છે.

આ પધ્ધતિના કારણે નાણા લાભાર્થીઓને વિલંબથી મળવાના પ્રસંગો ઘણીવાર બને છે જેના કારણે લાભાર્થીને સરકારશ્રી દ્વારા આપવામાં આવતી સહાય તાત્કાલિક નહી મળવાને કારણે અસંતોષ થવાનું પણ બનવા પામે છે. સરકારશ્રી દ્વારા અમલવારી કરવામાં આવતી યોજનાઓ અંતર્ગત જે તે નાણાકીય સહાય લાભાર્થીને આપવામાં આવે છે તે સમયસર મળી રહે અને આ પ્રક્રિયામાં પારદર્શિતા રહે તે બાબત ધ્યાને લઈને આ પ્રકારની યોજનાઓમાં નાણાકીય સહાયની રકમ RTGS દ્વારા કરવી જરૂરી જણાય છે.

ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો, આશ્રમશાળાઓમાં ચૂકવવામાં આવતી નિભાવ ગ્રાન્ટ, વ્યક્તિગત સહાયની તમામ યોજનાઓ તેમજ અન્ય તમામ પ્રકારના નાણાકીય વ્યવહારો માટે ચૂકવવામાં આવતી નાણાકીય સહાય તથા ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ હેઠળની તમામ લોન સહાયની યોજનાઓ તેમજ અન્ય તમામ પ્રકારના નાણાકીય વ્યવહારો માટે કરવામાં આવતું ચૂકવણું RTGS દ્વારા કરવા તથા આ અંગેની રીસીપ્ટ (પહોંચ) મેળવી લેવા આથી સર્વેને જાણ તેમજ વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નરેન્દ્ર વાઘેલા)
સેક્શન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રાક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી (આ.વિ.), બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦એ, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), સચિવાલય, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, GTDC, બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦એ, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦એ, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, EMRS, બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦એ, ગાંધીનગર.
- સર્વે પ્રાયોજના વહીવટદારશ્રી. (કમિશનરશ્રી (આ.વિ.)ની કચેરી મારફત)
- સર્વે મદદનીશ કમિશનરશ્રી (આ.વિ.). (કમિશનરશ્રી (આ.વિ.)ની કચેરી મારફત)
- સર્વે આશ્રમશાળા અધિકારીશ્રી. (કમિશનરશ્રી (આ.વિ.)ની કચેરી મારફત)
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી.
- સિલેક્ટ ફાઈલ.